GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ગીતામાં પરમેશ્વરનું સૂચન – 'ॐ तत् सत्'

## ટોનિકા સુરેશભાઇ ગરાસિયા, ડૉ. રમેશભાઈ પટેલ, ડૉ. નિતેશભાઇ ઉપાધ્યાય

રીસર્ચ સ્કૉલર ( સંસ્કૃત વિભાગ )
મોનર્ક યુનિવર્સિટી, અમદાવાદ

મોનર્ક યુનિવર્સિટી,અમદાવાદ

સંસ્કૃત કોલેજ, વડતાલ, નડિયાદ

**સારાંશ**

*મોટામાં મોટું કે નાનામાં નાનું કાર્ય પણ જો પરમેશ્વરને અર્પણ કરીને નિઃસ્વાર્થ ભાવે કરવામાં આવે, તો તે 'સત્કર્મ' બની જાય છે એટલે કે ઈશ્વરપ્રાપ્તિનું સાધન બની જાય છે. પરમાત્માએ વિશેષ કૃપા કરીને આપણને માનવદેહ આપ્યો છે અને આ શરીરથી સારાં કામો કરવાથી સ્વયંને તેમજ સમાજને ફાયદો થાય છે. તેથી જેનાથી તાત્કાલિક અને દીર્ઘકાલીન રીતે સર્વનું કલ્યાણ થાય તેવાં ઉત્તમ કર્તવ્યકર્મો શ્રદ્ધાપૂર્વક અને ભગવાનને રાજી કરવા માટે સતત કરતા રહેવું જોઈએ.*

***સૂચક શબ્દો:*** *કર્મ, પરમાત્મા, નિષકમભાવ, શુભકર્મો, કર્તવ્યકર્મો, શ્રદ્ધા*

## ૧. પ્રસ્તાવના

'ॐ, તત્ સત્' આ ત્રણ શબ્દો દ્વારા પરમાત્માનું વર્ણન કરવામાં આવે છે. આ પરમેશ્વરથી જ સૃષ્ટિની શરૂઆતમાં વેદો, બ્રાહ્મણો અને યજ્ઞોનું સર્જન થયું છે. એટલે જ વેદોના સિદ્ધાંતોને અનુસરનારા લોકો શાસ્ત્રોમાં નિર્ધારિત યજ્ઞ, દાન અને તપની ક્રિયાઓ હંમેશા 'ॐ' એવા પરમાત્માના નામનું ઉચ્ચારણ કરીને પ્રારંભ કરે છે. 'તત્' એટલે કે 'તે' નામથી ઓળખાતા પરમાત્માને સમર્પિત છે આ બધું, એવી ભાવના સાથે મોક્ષની અભિલાષા ધરાવતા લોકો કોઈ ફળની અપેક્ષા વિના વિવિધ પ્રકારના યજ્ઞ, તપ અને દાનની ક્રિયાઓ કરે છે. 'સત્' શબ્દનો ઉપયોગ આ પરમાત્માના નામ માટે સત્યતા અને શ્રેષ્ઠતાના સંદર્ભમાં થાય છે, તેમજ પ્રશંસનીય કાર્યો સાથે પણ 'સત્' શબ્દ જોડવામાં આવે છે.

## ૨. શોધપરિધિ

**ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ।**
**ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥ २३ ॥**[1]

ॐ, તત્ અને સત્ એ પરમાત્માના ત્રણ નામો છે. સૃષ્ટિની શરૂઆતમાં પરમાત્માએ વેદો, બ્રાહ્મણો અને યજ્ઞોની રચના કરી. વેદો વિધિ દર્શાવે છે, બ્રાહ્મણો અનુષ્ઠાન કરે છે અને યજ્ઞો ક્રિયા માટે છે. જો યજ્ઞ, તપ કે દાન જેવી ક્રિયાઓમાં કોઈ ખામી રહી જાય તો શું કરવું? પરમાત્માનું નામ લેવાથી તે ખામી દૂર થઈ જશે. નિષ્કામ ભાવે કરેલા શુભ કર્મોમાં કોઈ અપૂર્ણતા રહે તો યજ્ઞાદિની રચના કરનાર ભગવાનનું નામ લેવાથી તે અપૂર્ણતા પૂરી થઈ જાય છે.

**ॐ तत्सदिति मन्त्रेण यो यत्कर्म समाचरेत् ।**
**गृहस्थो वाप्युदासीनस्तस्याभीष्टाय तद् भवेत् ॥**[2]
**जपो होमः प्रतिष्ठा च संस्काराद्यखिलाः क्रियाः ।**

[1] श्रीमद्भगवद्गीता ( १७ | २३ ) पृष्ठ नं – १०९३, गीताप्रेस गोरखपुर
[2] महानिर्वाणतन्त्र ( १४ | १५४ )

https://www.gapbhasha.org/

**ॐ तत्सन्मन्त्रनिष्पन्नाः सम्पूर्णाः स्युर्न संशयः ॥**[3]

'ॐ તત્ સત્' – આ મંત્રથી ગૃહસ્થ કે સાધુ કોઈપણ કાર્યનો પ્રારંભ કરે તો તેને ઇચ્છિત પરિણામ મળે છે. જપ, હોમ, પ્રતિષ્ઠા, સંસ્કાર વગેરે તમામ ક્રિયાઓ 'ॐ તત્ સત્' મંત્રથી નિશ્ચિતપણે સફળ થાય છે.

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपः क्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥ २४ ॥[4]

વૈદિક પરંપરા માટે 'ॐ'નું ઉચ્ચારણ વિશેષ મહત્વનું છે. વેદપાઠ, યજ્ઞ, દાન, તપ વગેરે શાસ્ત્રોક્ત ક્રિયાઓમાં તેઓ 'ॐ'નું ઉચ્ચારણ કરીને જ પ્રવૃત્ત થાય છે. વેદની બધી ઋચાઓ અને શ્રુતિઓ 'ॐ'નું ઉચ્ચારણ કર્યા વગર ફળદાયી નથી બનતી.

'ॐ'નું પ્રથમ ઉચ્ચારણ કરવાનું કારણ એ છે કે સર્વ પ્રથમ 'ॐ' પ્રણવનો ઉદભવ થયો છે. પ્રણવની ત્રણ માત્રાઓમાંથી ત્રિપદા ગાયત્રીનો જન્મ થયો છે, અને તેમાંથી ઋક્, સામ અને યજુ: એમ ત્રણ વેદોનું સર્જન થયું છે. આ રીતે 'ॐ' સર્વનું મૂળ છે, જેમાં ગાયત્રી અને તમામ વેદોનો સમાવેશ થાય છે. આ કારણે વૈદિક ક્રિયાઓની શરૂઆત 'ॐ'ના ઉચ્ચારણથી થાય છે.

तदित्यनभिसन्धाय फलं यज्ञतपः क्रियाः ।
दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकाङ्क्षिभिः ॥ २५ ॥[5]

માત્ર પરમેશ્વરને પ્રસન્ન કરવાના હેતુથી, કોઈપણ પ્રકારના ફળની અપેક્ષા વિના શાસ્ત્રોક્ત યજ્ઞ, તપસ્યા, દાન વગેરે સત્કર્મો કરવામાં આવે છે. કારણ કે વિધિ-નિષેધ, સારા-ખરાબ વગેરે તમામ કાર્યોનો પ્રારંભ અને અંત થાય છે. તે જ રીતે તે કાર્યનું જે પરિણામ હોય છે, તેનો પણ સંબંધ બંધાય છે અને તૂટે છે એટલે કે કર્મફળના અનુભવનો પણ આરંભ થાય છે અને પૂર્ણ થાય છે. પરંતુ પરમાત્મા તો તે કાર્ય અને ફળના અનુભવની શરૂઆત પહેલા પણ હાજર છે તેમજ કાર્ય અને ફળના અનુભવના સમાપન પછી પણ રહે છે અને કાર્ય તથા ફળના અનુભવ દરમિયાન પણ અવિચળ રહે છે. પરમાત્માનું અસ્તિત્વ શાશ્વત અને અખંડ છે. આ નિત્ય અને અવિરત રહેતા અસ્તિત્વ તરફ ધ્યાન આકર્ષિત કરવાનો જ 'તત્ ઈતિ' શબ્દોનો આશય છે.

સતત બદલાતા અને ક્ષણભંગુર આ જગતમાં જે કંઈ આપણે જોઈએ, સાંભળીએ અને જાણીએ છીએ, તેને જ આપણે વાસ્તવિક અને સાચું માની લઈએ છીએ. તેને મેળવવામાં જ આપણે આપણી સમજદારી અને શક્તિને સફળ માનીએ છીએ. આ પરિવર્તનશીલ સંસારને વાસ્તવિક માનવાને કારણે જ, હંમેશા સર્વવ્યાપી હોવા છતાં પણ તે પરમાત્મા આપણને દેખાતા નથી. તેથી, માત્ર પરમાત્મપ્રાપ્તિનો જ ધ્યેય રાખીને આ સંસાર એટલે કે અહંકાર અને મમતાનો ત્યાગ કરીને, તેમની જ આપેલી શક્તિથી, યજ્ઞ વગેરેને તેમના જ માનીને નિઃસ્વાર્થ ભાવથી તેમના માટે જ યજ્ઞ જેવાં શુભ કાર્યો કરવાં જોઈએ. આમાં જ માણસની સાચી બુદ્ધિમત્તા અને પુરુષાર્થની સફળતા રહેલી છે. તાત્પર્ય એ છે કે જે સંસાર પ્રત્યક્ષ દેખાય છે, તેનો ત્યાગ કરવાનો છે અને જેને અપ્રત્યક્ષ માનીએ છીએ, તે 'તત્' નામથી ઓળખાતા પરમાત્માનો અનુભવ કરવાનો છે, જે સદાય ઉપલબ્ધ છે.

પોતાના હિતની ઇચ્છા રાખનારા લોકો યજ્ઞ, દાન, તપ, તીર્થયાત્રા, વ્રત, જાપ, સ્વાધ્યાય, ધ્યાન, સમાધિ વગેરે જે પણ કાર્યો કરે છે, તે બધું ભગવાનની ખુશી માટે, તેમની આજ્ઞાનું પાલન કરવા માટે જ કરે છે, પોતાના માટે નહીં. કારણ કે જેનાથી આ ક્રિયાઓ કરવામાં આવે છે, તે શરીર, ઇન્દ્રિયો, મન વગેરે બધું જ પરમાત્માનું છે, આપણું નથી. જ્યારે શરીર વગેરે આપણું નથી, તો ઘર, જમીન, સંપત્તિ, નાણાં, પરિવાર વગેરે પણ આપણાં નથી. એ બધું જ પ્રભુનું છે અને તેમાં જે શક્તિ, સમજ વગેરે છે, તે પણ બધું પ્રભુનું છે અને આપણે પોતે પણ પ્રભુના છીએ. આપણે પ્રભુના છીએ અને પ્રભુ આપણા છે આ વિચારથી તેઓ બધી ક્રિયાઓ પ્રભુને પ્રસન્ન કરવા માટે જ કરે છે. પરમાત્મા માટે પરોક્ષવાચક 'તત્' (તે) શબ્દના ઉપયોગનો અર્થ એ છે કે પરમાત્મા અલૌકિક છે –'उत्तमः पुरुषस्त्वन्यः'[6] તેઓ વિચારણાનો વિષય નથી, પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસનો વિષય છે.

**सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।**
**प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ॥ २६ ॥**[7]

પરમાત્માના અસ્તિત્વને 'સદ્ભાવ' કહેવાય છે. આ પરમાત્માના સગુણ-નિર્ગુણ, સાકાર-નિરાકાર જેવા સ્વરૂપો અને વિષ્ણુ, રામ, કૃષ્ણ, શિવ, શક્તિ, ગણેશ, સૂર્ય વગેરે અવતારો 'સદ્ભાવ'માં સમાવિષ્ટ છે. જે કોઈ સ્થળ, સમય કે વસ્તુમાં ક્યારેય અનુપસ્થિત નથી, એવા પરમાત્માના વિવિધ રૂપો, નામો અને લીલાઓ પણ 'સદ્ભાવ'માં સમાયેલા છે. વિભિન્ન સંપ્રદાયોમાં પરમાત્મપ્રાપ્તિ

---

3 महानिर्वाणतन्त्र ( १४ | १५५ )
4 श्रीमद्भगवद्गीता ( १७ | २४ ) पृष्ठ नं – १०९३, गीताप्रेस गोरखपुर
5 श्रीमद्भगवद्गीता ( १७ | २५ ) पृष्ठ नं – १०९४, गीताप्रेस गोरखपुर
6 श्रीमद्भगवद्गीता ( १५ | १७ ), गीताप्रेस गोरखपुर
7 श्रीमद्भगवद्गीता ( १७ | २६ ) पृष्ठ नं – १०९५, गीताप्रेस गोरखपुर

https://www.gapbhasha.org/

માટે બતાવેલા સાધનોમાં હૃદયના દયા, ક્ષમા જેવા ઉત્તમ ભાવો 'સાધુભાવ'માં સમાવિષ્ટ છે. સત્તા અને શ્રેષ્ઠતા માટે 'સત્' શબ્દ વપરાય છે. જે હંમેશા છે અને જેમાં કોઈ ન્યૂનતા નથી તે પરમાત્મા અને તેની પ્રાપ્તિ માટેના સત્ય, ક્ષમા, ઉદારતા, ત્યાગ જેવા દૈવી ગુણો માટે 'સત્' શબ્દ વપરાય છે, જેમ કે સત્તત્વ, સદ્ગુણ, સદ્ભાવ વગેરે.

યજ્ઞ, તપ, દાન, તીર્થ, વ્રત, પૂજા-પાઠ, લગ્ન વગેરે શાસ્ત્રોમાં નિર્ધારિત શુભ કાર્યો સ્વયં પ્રશંસનીય હોવાથી સત્કર્મ ગણાય છે. પરંતુ જો આ પ્રશંસનીય કાર્યોનો સંબંધ ભગવાન સાથે ન હોય તો તે માત્ર શાસ્ત્રવિહિત કર્મ રહી જાય છે. દૈત્યો અને દાનવો પણ તપસ્યા જેવા પ્રશંસનીય કાર્યો કરે છે, પરંતુ તેમનો હેતુ સ્વાર્થ અને અન્યના નુકસાનનો હોવાથી તે બંધનકારક અસત કર્મ બની જાય છે. આવા કર્મોથી બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય તો પણ ત્યાંથી પાછા આવવું પડે છે आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन'[8]; 'न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिं तात गच्छति'[9] કારણ કે તેનું ફળ 'સત' હોય છે. જે કર્મ સ્વાર્થ અને અભિમાન છોડીને સર્વ પ્રાણીઓના હિત માટે કરવામાં આવે છે, તે જ ખરેખર પ્રશંસનીય સત્કર્મ છે.

**ॐ तत् सत्**

**ॐ तत्सत् श्री नारायण तू, पुरुषोत्तम गुरु तू।**
**सिद्ध बुद्ध तू, स्कंद विनायक, सविता पावक तू।**
**ब्रह्म मज़्द तू, यह शक्ति तू, येशु पिता प्रभु तू।**
**रुद्र विष्णु तू, रामकृष्ण तू, रहीम ताओ तू।**
**वासुदेव गो विश्वरुप तू, चिदानंद हरि तू।**
**अद्वितीय तू, अकाल निर्भय आत्मलिंग शिव तू ॥**
**(सर्वधर्मप्रार्थना)**

## સમાપન

જેમ 'ૐ'નું ઉચ્ચારણ કર્યા વગર કોઈ કાર્ય સફળ થતું નથી, તેવી જ રીતે ભગવાનના ભક્તો ઈશ્વરને ધ્યાનમાં રાખીને 'તત્' એટલે કે રામ, કૃષ્ણ, ગોવિંદ, નારાયણ, વાસુદેવ, શિવ વગેરે નામોનું સ્મરણ કરીને દરેક કાર્યની શરૂઆત કરે છે. જે કર્મ સ્વાર્થ અને અહંકારનો ત્યાગ કરીને સર્વ જીવોના કલ્યાણ માટે કરવામાં આવે છે તે જ ખરેખર પ્રશંસાપાત્ર સત્કર્મ ગણાય છે.

## સંદર્ભગ્રંથ સૂચિ

[1] શ્રીમદ્ ભગવદ્ ગીતા ( સાધક સંજીવની ) ગુજરાતી ટીકા, સ્વામી રામસુખદાસ
[2] श्रीमद् भगवद् गीता ( साधक संजीवनी ) हिन्दी टीका, स्वामी रामसुखदास
[3] શ્રીમદ્ ભગવદ્ ગીતા તેના મૂળ રૂપે – સ્વામી પ્રભુપાદ
[4] Tripathi, S., & Sharma, K. (2024). THE BHAGAVAD GITA: A TIMELESS GUIDE TO ETHICAL LIVING AND PERSONAL GROWTH THROUGH KNOWLEDGE AND ENLIGHTENMENT. *Divyayatan - A Journal of Lakulish Yoga University*, *1*(3), 23-27. https://doi.org/10.69919/2014ks1011

[8] श्रीमद्भगवद्गीता ( ८ | १६ ), गीताप्रेस गोरखपुर
[9] श्रीमद्भगवद्गीता ( ६ | ४० ), गीताप्रेस गोरखपुर